PG CL **પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ** PG CL

## <u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/ક્વા–૦૨/૧૭–૧૮/ 6932 તા. 26/07/17

**<u>રજી. એ.ડી. પત્ર</u>**

**પ્રતિ,**
**કે.વી. વછારાજાની ના વારસદાર,**
**C/O, પરેશ હરેમોરારી વછરાજાની,**
**<u>–વૃજ વિલા–</u>**
**<u>૧૪, જાગનાથ પ્લોટ</u>**
**<u>રાજકોટ</u>**
**મો: ૮૫૩૦૩ ૪૮૯૦૩**

**વિષય :–વીજબીલ બાબત**
<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૦૭–૧૭ (**અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૬/ક્વા–૦૨/૧૭–૧૮**)</u>

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

**આપનો વિશ્વાસુ**

**( કે. ડી. વીરડીયા )**
**કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,**
**પીજીવીસીએલ – રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 3 )**

**<u>નકલ રવાના :</u>**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ**
**(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, મહિલા કોલેજ પેટા વીભાગીય કચેરી, રાજકોટ</u>**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 6 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૦૬/ક્વા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગઃ તા. ૨૮–૦૭–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામઃ કે.વી. વછરાજાની ના વારસદાર, ગામઃ રાજકોટ

રજુઆત કરનારઃ અરજદાર શ્રી પરેશભાઈ વછરાજાની હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : મહિલા કોલેજ પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

રજુઆત કરનાર :એન.ડી.રૂઘાણી (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૮૦૪/૦૦૨૯૭/૬ મા, પીજીવીસીએલ તરફથી, અપાયેલ માહે માહે ફેબ્રુઆરી–માર્ચ– ૨૦૧૭ ના વીજબીલ મા – '' કોઈપણ બાબત હેઠળ મુકરર ન કરાયેલ એવી રકમ રૂ.૨૬૦/– '' જે વસુલ કરાયેલ છે, તે બાબત, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવી, જીયુવીએનએલ ના માર્ગદર્શન હેઠળ ની – એટલેકે, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ વિરૂધ્ધ ની હોય, તેઓ શ્રી એ સદર વધુ વસુલ કરાયેલ રકમ રૂ.૨૬૦/– રીફંડ મેળવવા માટે, પીજીવીસીએલ મા વારંવાર લેખીત રજુઆતો આપેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી, આજદિન સુધી સદર રકમ પરત કરાયેલ ન હોય, આખરે લાચારીવશ અરજદાર શ્રી ને, ફોરમ સમક્ષ સદર રજુઆત કરી અને, તે મુજબ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૮૦૪/૦૦૨૯૭/૬ મા – માહે જુન–જુલાઈ– ૧૬ ના તા.૦૧–૦૮–૧૬ ના રોજ કરાયેલ એવા સ્થળ પર ના વાસ્તવિક બીલીંગ સમયે, સદર જોડાણ ના મીટર મા કોઈ વીજવપરાશી યુનીટ નોંધાયેલ જણાયેલ ન હતુ. એટલેકે, હાલ ના રીડીંગ ૧૧૫૩ તેમજ પાછલા રીડીંગ ૧૧૫૩ જણાયેલ હોય, એ મુજબ યુનીટ વીજવપરાશ જણાયેલ ન હોય, – આવા કારણોસર, અરજદાર શ્રી ને, સદર માહે જુન–જુલાઈ– ૧૬ નુ તા.૦૧–૦૮–૧૬ ના રોજ નુ બીલીંગ, જે – જોડાણ મા સ્થાપિત થયેલ એવી – સરેરાશ પ્રતિ દ્રીમાસીક બીલીંગ વીજવપરાશી એવા – ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના – ૩૦ યુનીટ ની કુલ રકમ રૂ.૨૧૦/૯૮ નુ બીલીંગ કરાયેલ હતુ. |
| ૨.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, સદર મીટર, જે વીજવપરાશ નોંધતુ ન હોવાની બાબત ને, આનુષાંગીક રહીને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના સદર ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૮૦૪/૦૦૨૯૭/૬ નુ – એલએન્ડટી કંપની ના મીટર નંબરઃ પીજીએસટી–૦૧૦૧૧૫૮૭, જે '' અવાચ્ય રીડીંગ હેઠળ '', પર્ફોમા –૧૫ નંબરઃ ૫૫૬૨૭૬ તા.૧૦–૦૮–૧૬ થી, સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા કુલ ૦.૬૧૦ કીવો નો વીજભાર જણાયેલ હતો. આ સમયે તા.૧૦–૦૮–૧૬ ના રોજ, નવુ એપલટોન કંપની ના મીટર નંબરઃ પીજીએસટી–૨૮૪૦૦૩૨, જે શરૂઆતના ૦૦૦૦૧ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. |

| | |
|---|---|
| ૨.૩ | ત્યારબાદ, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે નુ, અરજદાર શ્રી ના સદર ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૮૦૪/૦૦૨૯૭/૬ ના, સવાલવાળુ એલએન્ડટી કંપની નુ મીટર નંબર: પીજીએસટી– ૦૧૦૧૧૫૮૭, જે પીજીવીસીએલ ની લેબોરેટરી મા, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, મીટર ફોલ્ટી જાહેર થયેલ હતુ. અને મીટર મા છેલ્લા રીડીગ ૧૧૫૩ નોધાયેલ જણાયેલ હતા. અને ત્યારબાદ, સદર મીટર ને, વિશેષ તાંત્રીક ચકાસણી અર્થે, બનાવટ કંપની સમક્ષ રજુ કરી, અને મીટર ની તાંત્રીક સ્થિતી નો અભિપ્રાય માંગવામા આવેલ હતો. જે મુજબ, સદર મીટર બનાવટ કંપની તરફથી, મીટર ની તાંત્રીક ચકાસણી કરવામા આવેલ હતી. પરંતુ, સદર સ્ટેટીક મીટર, જે મહદઅંશે '' ક્ષતિગ્રસ્ત '' હોય, આવા કારણોસર, મીટર મા નોધાયેલ છેલ્લા રીડીગ જાણી શકાયેલ ન હોવાનો, મીટર કંપની તરફથી તા.૨૪–૦૭–૧૭ ના રોજ પીજીવીસીએલ ને અભિપ્રાય મળેલ છે. |
| ૨.૪ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ અને ૨.૩ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર મીટર તાંત્રીક રીતે ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના, સ્થળ પર ના હૈયાતી ના સમયગાળા દરમ્યાન – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ એટલેકે, નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૫૮ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ – જોડાણ મા સ્થાપિત થયેલ, તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર ના સમયગાળા ના, ૦૩ દ્રીમાસીક બીલીગ દરમ્યાન, સ્થાપિત થયેલ એવી, પ્રતિ દ્રીમાસીક સરેરાશ વીજવપરાશી યુનીટ ની ગણતરી ના ધોરણે, – ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા નુ બીલીગ, જે '' ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ની – સરેરાશ યુનીટ બીલીગ '' કરવાની નિયમાધીન પ્રણાલી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન છે. જેને આનુષાંગીક રહીને, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ મા, માહે જુન–જુલાઈ– ૧૬ ના સમયગાળા દરમ્યાન, સવાલવાળુ ક્ષતિગ્રસ્ત મીટર હૈયાત હતુ. જેથી, સવાલવાળા ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા નુ બીલીગ, જે આ મુજબ ની નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા મુજબ ના ધોરણે – ૩૦ યુનીટ ની રકમ રૂ.૨૧૦/૯૮ નુ જે તા.૦૧–૦૮–૧૬ ના રોજ કરાયેલ છે, તે બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી એ, ફોરમ કમિટી સમક્ષ રજુ કરેલ ફરીયાદ અરજી મા, જે '' વિવાદીત એવી રકમ રૂ.૨૬૦/– '' વર્ણવેલ છે, તે રકમ – જે માહે જુન–જુલાઈ– ૧૬ બીલીગ ના ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના ૩૦ યુનીટ ની ગણતરી મુજબ ની મુળભુત રકમ રૂ.૨૧૦/૯૮ ને આનુષાંગીક જ છે. |
| ૨.૫ | વિશેષ મા, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર અગાઉ તા.૧૦–૦૮–૧૬ ના રોજ જે તાંત્રીક રીતે યોગ્ય એવુ નવુ મીટર લગાડવામા આવેલ છે, તે મીટર મા, મીટર લગાડયા તા.૧૦–૦૮–૧૬ થી તા.૧૭–૦૭–૧૭ સુધી ના સમયગાળા સુધી, '' ૦ વીજવપરાશી યુનીટ '' મુજબ નુ હતુ. જેથી, ફરીયાદી અરજદાર શ્રી નુ, અગાઉ તા.૧૦–૦૮–૧૬ ના રોજ લગાડવામા આવેલ એવુ નવુ મીટર પણ, જે સ્થળ ચકાસણી મુજબ ડિસ્પ્લે ડીસએપીયર જણાતા, તા.૧૮–૦૭–૧૭ ના રોજ સ્થળ પર થી ઉતારવામા આવેલ હતુ. આમ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ થી સદર મીટર ઉતાર્યા તા.૧૭–૦૭–૧૭ સુધી ના વીજબીલો અરજદાર શ્રી ને, '' બીન વીજવપરાશી – એવા ૦ યુનીટ '' મુજબ ના અપાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૮૦૪/૦૦૨૯૭/૬ નુ સવાલવાળુ મીટર, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, અવાચ્ય રીડીગ હેઠળ નુ હોય, આવા સંજોગોમા ફરીયાદી અરજદાર શ્રી ને, માહે જુન–જુલાઈ– ૧૬ નુ તા.૦૧–૦૮–૧૬ ના રોજ નુ બીલીગ, જે – જોડાણ મા સ્થાપિત થયેલ એવી – સરેરાશ પ્રતિ દ્રીમાસીક બીલીગ વીજવપરાશી એવા – ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના – ૩૦ યુનીટ ની કુલ રકમ રૂ.૨૧૦/૯૮ નુ બીલીગ કરાયેલ હતુ. અને ત્યારબાદ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સદર '' અવાચ્ય રીડીંગ '' વાળુ મીટર, જે મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, બદલાવી અને, મુદદા નં. ૨.૩ મુજબ ની |

વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, સદર મીટર, પ્રથમ દ્રષ્ટીએ આંશીક રીતે ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોય, સદર મીટર ને, પીજીવીસીએલ તરફથી મીટર બનાવટ કંપની સમક્ષ રજુ કરી, અને મીટર ની ખરી તાંત્રીક સ્થિતી નો અભિપ્રાય માંગતા, સદર સ્ટેટીક મીટર નો સોફ્ટવેર – ડિસ્ટર્બ થયેલ હોવાના કારણોસર, મીટર મહદઅંશે ક્ષતિગ્રસ્ત હોવાનો, મીટર કંપની તરફથી પીજીવીસીએલ ને અભિપ્રાય મળેલ હતો. આમ, ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ નુ સવાલવાળુ મીટર તાંત્રીક રીતે ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા દરમ્યાન નુ બીલીંગ, જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ મુજબ કરવાની જોગવાઈ ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ નુ, સવાલવાળા ક્ષતિગ્રસ્ત મીટર ની હૈયાતી ના સમયગાળા નુ, જે માહે જુન–જુલાઈ– ૧૬ નુ તા.૦૧–૦૮–૧૬ ના રોજ નુ બીલીંગ, જે – જોડાણ મા સ્થાપિત થયેલ એવી – સરેરાશ પ્રતિ દ્રીમાસીક બીલીંગ વીજવપરાશી એવા – ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના – ૩૦ યુનીટ ની કુલ રકમ રૂ.૨૧૦/૯૮ નુ બીલીંગ કરાયેલ છે. તે બીલીંગ પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાનો – તેમજ ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની અરજી મા, જે વિવાદીત રકમ વર્ણવેલ છે, તે રકમ પણ, સદર પ્રકાર ના ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના બીલીંગ ને આનુષાંગીક એવી રકમ ને સ્પર્શતી બાબત હોવાનો – અને તે અન્વયે ફરીયાદી અરજદાર શ્રી ને આ મુજબ ની નિયમાધીન બાબત ની જાણકારી આપવા સબબ નો – ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને જાણકારી આપવા સબબ નો હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી)**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
સભ્ય (કં)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધ હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.